કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદકીય સહાય યોજનામાં અનુસૂચિત જાતિના ગરીબ વ્યકિતઓને હાલમાં મળતી સહાયના દરમાં વધારો કરવા બાબત.

**નવી બાબત : વર્ષ-૨૦૨૬-૨૭**

**રકમ - ₹૧૨.૮૨ કરોડ**

## ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક : SJED/MIS/e-file/17/2025/2621/G,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : (ઈ-સાઈન મુજબ)

**વંચાણમાં લીધા:-**

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (સમાજ કલ્યાણ પ્રભાગ)ના ઠરાવ ક્ર: એસસીડબલ્યુ-૧૦૯૭/ન.બા.૯./ગ. તા.૧૮/૦૯/૧૯૯૮

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્ર: અજક-૧૦૨૦૧૧-ન.બા.૨૬-ગ, તા.૧૩/૦૪/૨૦૧૨.

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્ર: એસસીડબલ્યુ-૧૦૨૦૧૧-ન.બા.૨-ગ, તા.૧૩/૦૪/૨૦૧૨.

(૪) આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: TDD/NEW/e-file/25/2023/1834/GH, તા. ૦૫/૦૩/૨૦૨૪.

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો પત્ર ક્રમાંક : અજાક/મ-૬/૨૦૨૬/૨૦૩, તા.૦૬-૦૩-૨૦૨૬.

**આમુખ:-**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમ-(૧) થી (૩) મુજબના ઠરાવોથી, રાજ્યમાં અનુસૂચિત જાતિના ગરીબ વ્યકિતઓ ટી.બી, કેન્સર, રકતપિત્ત જેવા ગંભીર રોગોમાં સપડાય ત્યારે તેમને તબીબ દ્વારા સૂચવેલ દવાઓ, ઈન્જેકશન તથા પોષક આહાર વગેરે ખરીદી શકે તે માટે "કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદકીય સહાય યોજના" અમલમાં મુકેલ છે.

૨. આ યોજનામાં સરકારશ્રી તરફથી વખતો વખત સહાયના દરોમાં તેમજ યોજના હેઠળ લાભ લેવા માટેની

આવક મર્યાદામા વધારો કરવામા આવેલ છે.

હાલમાં, સદરહું "કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદકીય સહાય યોજના"માં (૧) કેન્સરમાં માસિક સહાય રૂ.૧૦૦૦/-, (૨) રકતપિત્તમાં માસિક સહાય રૂ.૮૦૦/-, (૩) ક્ષય(ટી.બી)માં માસિક રૂ.૫૦૦/- દર્દ મટે ત્યાં સુધીની સહાય આપવામાં આવે છે. તેમજ (૪) એચ.આઈ.વી.એઈડઝ ગ્રસ્ત દર્દી માટે માસિક રૂ.૫૦૦/- અનુસૂચિત જાતિઓ માટે રોગ મટે નહી ત્યાં સુધી, (૫) પ્રસુતિના ગંભીર રોગના કેસમાં રૂ.૫૦૦/- કેસ દીઠ સહાય તથા (૬) સ્ત્રીઓને થતા પાડુંરોગ માટે રૂ.૧૫૦/- કેસ દિઠ સહાય; આપવામાં આવે છે.

૩. અનુસૂચિત જાતિના લોકો તેઓની નબળી આર્થિક પરીસ્થિતિને કારણે જોખમી/હઠીલા દર્દો–રોગો માટેની મોંધી દવાઓ, ઈન્જેકશન, પોષક આહાર વગેરેમાં ભાવ વધારાને કારણે ખરીદી શકતા નથી કે આવા દર્દો–રોગોની યોગ્ય સારવાર મેળવી શકતા નથી. આ રોગો માત્ર આરોગ્ય વિષયક સમસ્યા ન રહેતા સામાજિક, વ્યક્તિગત, પારીવારીક, આર્થિક, માનસિક અને રોજગાર લક્ષી સમસ્યા બની રહેલ છે. જેથી આ રોગોની સહાયના દરોમાં વધારો કરવો જરૂરી જણાય છે.

૪. વધુમાં, આદિજાતિ વિકાસ વિભાગના વંચાણે લીધા ક્રમ-(૪) મુજબના ઠરાવથી તેઓની મફત તબીબી સહાય યોજના હેઠળ દર્દીઓને આપવામાં આવતી સહાયના દરોમાં વધારો કરવામાં આવેલ હોય, તે પ્રમાણે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની આ યોજના હેઠળ રોગોની સહાયના દરોમાં સૂચિત વધારો કરવો જરૂરી જણાતાં, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમ-(૫) મુજબની કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે, અનુસૂચિત જાતિના લોકોને આપવામાં આવતી મફત તબીબી સહાયની "કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદકીય સહાય યોજના" અંતર્ગત હાલમાં અપાતી સહાયના દરમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

કાળજીપૂર્વક વિચારણાને અંતે, કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદકીય સહાય યોજનામાં અનુસૂચિત જાતિના ગરીબ વ્યકિતઓને હાલમાં મળતી સહાયના દરમાં નીચે સૂચવ્યા મુજબનો વધારો કરવાની ₹૧૨.૮૨ કરોડની નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | રોગનું નામ | હાલમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આપવામાં આવતા સહાયના દર | આદિજાતિ વિકાસ વિભાગ મુજબ સુધારેલ સહાયના દરો | તફાવતની રકમ (૪-૩) | વર્ષ ૨૦૨૫-૨૬ માટે અંદાજિત લાભાર્થી | થનાર ખર્ચ (વાર્ષિક) (રૂ.કરોડમાં) |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | કેન્સર<br>(દર માસે, સારવાર ચાલુ હોય ત્યાં સુધી) | ૧૦૦૦ | ૨૫૦૦ | ૧૫૦૦ | ૨૭૦૦ | ૪.૮૬ |
| ૨ | રક્તપીત<br>(દર માસે, સારવાર ચાલુ હોય ત્યાં સુધી) | ૮૦૦ | ૨૦૦૦ | ૧૨૦૦ | ૬૦ | ૦.૦૯ |
| ૩ | ક્ષય (ટી.બી.)<br>(દર માસે, સારવાર ચાલુ હોય ત્યાં સુધી) | ૫૦૦ | ૨૦૦૦ | ૧૫૦૦ | ૭૫૦ | ૧.૩૫ |
| ૪ | એચ.આઇ.વી. એઇડ્સ<br>(દર માસે, સારવાર ચાલુ હોય ત્યાં સુધી) | ૫૦૦ | ૨૫૦૦ | ૨૦૦૦ | ૨૭૦૦ | ૬.૪૮ |
| ૫ | પ્રસુતિના ગંભીર રોગના કિસ્સામાં<br>(એક વખત) | ૫૦૦ | ૨૦૦૦ | ૧૫૦૦ | ૧૦ | ૦.૦૨ |
| ૬ | સ્ત્રીઓને થતાં પાંડુરોગ માટે<br>(એક વખત) | ૧૫૦ | ૨૦૦૦ | ૧૮૫૦ | ૧૦ | ૦.૦૨ |
| કુલ | | ૩૪૫૦ | | | ૬૨૩૦ | ૧૨.૮૨ |

શરતો:-

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીએ રાખવાની રહેશે.

(૨) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૩) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદીની જોગવાઇ કરવાની રહેશે.

(૪) વિભાગે નાણાકીય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.

(૫) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૬) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૦)આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૧)આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૨)સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૧૩)કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદકીય સહાય યોજનાને સબંધિત વિભાગના વખતો વખતના ઠરાવથી બહાર પાડવામાં આવેલ અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

૨. ઉકત નવી બાબત અંગે થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | સેક્ટર | (ખ) સામાજીક સેવાઓ. |
| ૨ | સબ સેક્ટર | અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ. |
| ૩ | મુખ્ય સદર | ૨૨૨૫ - અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ. |
| ૪ | પેટા મુખ્ય સદર | ૦૧ – અનુસૂચિત જાતિઓનું કલ્યાણ |
| ૫ | ગૌણ સદર | ૨૮૨ – આરોગ્ય |
| ૬ | પેટા સદર | ૦૧ – SCW-16 |

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૭-૦૪-૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શિલ્પા એમ. દેસાઈ )
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

**પ્રતિ,**

- માન. મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ - વિભાગની વેબસાઈટમાં ગ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે.
- શાખા પસંદગી ફાઇલ-૨૦૨૬.

*****************************************************************************************************

Signature Not Verified
Signed by:Shilpa M Desai
Under Secretary
Date:2026.05.01
16:49:46 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign